## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




મેડમ, હવે પગાર વધારવાનું નહી કહું... અમેરીકામાં જોબ લઈ લઈશ એવું પણ નહી કહું... સોરી...

# ઈન્ફોસીટી નજીકથી પીસ્તોલ લઈને ફરતા ત્રણ રાજસ્થાની પકડાયા

ગાંધીનગર, તા. ૧

ઈન્ફોસીટી નજીક એક સીલેરીયો ગાડી ફરી રહી હતી જે ગાડીમાં રાજસ્થાન પાસીંગનો ટી.સી. નંબર લખેલો હતો. આ ગાડીમાં ફરી રહેલા ત્રણ રાજસ્થાની હતી. તેમની પાસેથી એક પીસ્તોલ અને પાંચ જીવતા કારતુસ મળી આવ્યા હતા.

એસઓજીની ટીમે રાજસ્થાન બાંસવાડાના સુરેન્દ્ર શંકર પટેલ, વિકાસ પન્નાલાલ પટેલ અને



શખ્સો પાસે પીસ્તોલ હોવાની બાતમી ગાંધીનગર એસઓજી પી.આઈ. જી.ડી. પુરોહીતની ટીમને મળતા ટીમે ગાડી પકડી તેમાં સવાર ત્રણ શખ્સોની તપાસ શરૂ કરી અશોક લાલજી પટેલની ધરપકડ કરી પીત્સોલ કારતુસ તથા મોબાઈલ, રોકડ અને વાહન મળી રૂ. ૫.૨૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ઝીણવટભરી પુછપરછ શરૂ કરી છે.

## વિધાનસભા ખાતે અબ્બાસ તૈયબજીના તૈલચિત્રને પુષ્પાંજલિ

ગાંધીનગર, તા.૧

આજે વિધાનસભા ખાતે શ્રી અબ્બાસ તૈયબજીની ૧૬૩મી જન્મજયંતિ નિમિત્તે તેમના તૈલચિત્રને ધારાસભ્યશ્રી અશોક પટેલ દ્વારા ભાવસભર પુષ્પાંજલિ અપાઈ.આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ સચિવશ્રી મહેન્દ્રભાઈ પરમાર, શ્રી શિરીષભાઈ મકવાણા, ઉપસચિવ શ્રી પ્રદિપ મોદી સહિત મોટી સંખ્યામાં અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહીશ્રી તૈયબજીના તૈલચિત્રને પુષ્પાંજલિ આપી હતી.

શ્રી અબ્બાસ શમશુદ્દીન તૈયબજી : શ્રી અબ્બાસ તૈયબજીનો જન્મ તા. ૧લી ફેબ્રુઆરી ૧૮૫૪ના રોજ વડોદરા ખાતે થયો હતો ધર્મપ્રેમી, પ્રમાણિક, ન્યાયી અને ખુદાની બંદગી કરનાર શ્રી તૈયબજી સન ૧૮૭૯-૧૯૧૩ દરમિયાન ૩૪ વર્ષ સુધી મહારાજા સયાજીરાવ ગાયકવાડના અંગત મિત્ર બન્યા. કોંગ્રેસની લગભગ બધી બેઠકોમાં હાજર રહ્યા. સને ૧૯૧૯માં જલિયાવાલા બાગના હત્યાકાંડની તપાસ સમિતિમાં ગાંધીજી દ્વારા પસંદગી કરવામાં આવી હતી.

# પાટનગરની મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓએ એકઝીટ પરીક્ષાનો વિરોધ કરી કલેકટરને આવેદનપત્ર આપ્યું

### હોસ્પિટલના ગેટ પાસે પાંચસોથી વધુ વિદ્યાર્થીઓએ માનવ સાંકળ રચીને 'હમે પઢને દો ના' પ્લેકાર્ડ સાથે વિરોધ નોંધાવ્યો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતા ૫૦૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આજે હડતાલ પાડીને એકઝીટ પરિક્ષાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. ફરજીયાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના વિરોધમાં આજે સમગ્ર ભારતભરમાં અભ્યાસ કરતા મેડીકલ વિભાગના વિદ્યાર્થીઓએ ગાંધી ચિંધ્યા માર્ગે રેલી ધરણા અને માનવ સાંકળ રચીને વિરોધ નોંધાવ્યો તબિબિ આલમના વિદ્યાર્થીઓને મોટી મુંઝવણ ઉભી થશે. જે વિદ્યાર્થીઓ આ પરિક્ષા પાસ ન કરી શકે તેનુ ભવિષ્ય શું તેઓના મેડીકલ અભ્યાસના પાંચ વર્ષ અને ૨૦ થી વધુ આપેલી પરિક્ષા નિષ્ફળ નીવડે. કરવાના લાયસન્સ માટે નેકસ્ટ પરિક્ષા આપવા કેન્દ્ર સરકાર મજબુર કરશે. આ તમામ મુસીબતને અનુલક્ષી આજે ગાંધીનગર મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતા ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ સવારના ૯




હોસ્પિટલના ગેટ પાસે સવારના સમયે વિદ્યાર્થીઓએ માનવ સાંકળ રચીને હમે પઢને દો ના પ્લેકાર્ડ સાથે વિરોધ કરીને વિદ્યાર્થીઓએ ગાંધીનગર કલેકટરને આવેદન પત્ર પાઠવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓએ પોતાને સ્પર્શતા સાત મુદ્દાનો સમાવેશ ક્યો છે.

તાજેતરમાં કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગ દ્વારા એમબીબીએસની પરિક્ષા બાદ પ્રેકટીસ કરવા માટે એકઝીટ પરિક્ષા હતો. આ પરિક્ષાનો વિરોધ કેમ ? ના જવાબમાં અત્યારે હાલ પીજી માટે નીટ પરિક્ષાને બદલે એકઝીટ પરિક્ષાનું કોઈ કારણ જણાતું નથી.અત્યારે હાલના સમયે જે વિદ્યાર્થીઓએ એમબીબીએસની પરિક્ષા પાસ કરેલ છે. ત્યારે યુજી લેવલથી પરિક્ષા દાખલ થવાથી તેઓને મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન અને નેકસ્ટ પરિક્ષા ફરજીયાત આપવી પડશે. જેથી યુજી અને પીજી માટે અલગ અલગ નીટની પરિક્ષા છે તો તેના સ્થાને નેકસ્ટ પરિક્ષા જ કેમ. આમ તમામ મુદ્દાઓ પર ભારતીય તબિબિ વિદ્યાર્થીઓને સીધો જ અન્યાય થશે કે જને ફરજીયાત નેકસ્ટ પરિછા પાસ કરવી પડશે. રાજય સરકારો દ્વારા આયુષ ડોકટરને એક વર્ષનો કોર્ષ કરીને પ્રેકટીસ કરવાની છુટ આપી રહી છે. ત્યારે એમબીબીએસના પાસ થયેલ તબિબિ વિદ્યાર્થીઓને પ્રકટીસ વાગ્યાના અરસામાં હોસ્પિટલના ગેટ પાસે માનવ સાંકળ રચીને વિવિધ પ્લેકાર્ડ સાથે ગાંધીચિંધ્યા માર્ગે ધરણા યોજીને વિરોધ નોંધાવ્યો હતો. ત્યારબાદ પાંચ વિદ્યાર્થીઓની ટીમ ગાંધીનગર જિલ્લા કલેકટરને મળીને તેઓને આ એકઝીટ પરિક્ષા રદ કરવા આવેદન પત્ર આપી રજુઆત કરી હતી. આ પ્રસંગે તબિબિ આલમ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



આંબેડકર હોલમાં ગઈકાલે સમાજકલ્યાણ વિભાગ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં રૂ. નવ લાખની કિંમતના સહાયના સાધનોનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમને ધારાસભ્ય કામિનીબા રાઠોડે મંગલદીપ પ્રગટાવી ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન એસ.એન. પરમાર અને અન્ય સમિતિના ચેરમેનો હાજર રહ્યા હતા.

## મુખ્યમંત્રી પાળીયાદ ખાતે મોરારિબાપુની રામકથામાં પહોંચ્યા

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે ભારતને મહાસત્તા તરીકે પ્રસ્થાપિત કરવા કલ્યાણ રાજ્યની દિશામાં સંતશકિતનું માર્ગદર્શન સમાજશકિતને મળે છે.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, સમાજ સમસ્તમાંથી અધર્મ-અનીતિ-અન્યાય અસત્ય દૂર થાય અને સમરસ સમાજનું નિર્માણ થાય તે માટે ભાવિ પેઢીને સંતશકિત સદશકિત તરફ પ્રેરિત કરે તે આવકાર્ય છે.

મુખ્યમંત્રીએ બોટાદ જિલ્લાના પાળીયાદમાં વિસામણ બાપૂની જગ્યામાં યોજાઈ રહેલી સંતવર્ય મોરારીબાપૂની રામકથામાં ઉપસ્થિત રહી કથા શ્રવણ કર્યુ હતું અને ભાવકોનું માર્ગદર્શન કર્યુ હતું.



માર્ગ વચ્ચોવચ ગટરનું ગાબડું : મહાત્મા મંદિરના માર્ગ પર વચ્ચોવચ ગટરનું ઢાંકણું તુટી જતાં દ્વિચકી વાહનચાલકો તથા રાહદારીઓ ભારે હાલાકી અનુભવે છે. પાટનગરના વી.આઈ.પી. ગણાતા વિસ્તારમાં આ સ્થિતિ હોય તો અંતરીયાળ વિસ્તારની તો શું હાલત થતી હશે ?

# ચ-પ સર્કલ પાસે બાઈક સ્લીપ થતાં યુવાનનું મૃત્યુ

### રાત્રે દોઢ વાગ્યે બાઈકનું ટાયર ડીવાઈડર પર ચઢી ગયા બાદ અકસ્માત સર્જાયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના ચ માર્ગ પરથી ગઈ રાત્રી દરમિયાન બાઈક લઈને જઈ રહેલા યુવાનને અકસ્માત નડયો હતો. બાઈકનું ટાયર ચ-૫ નજીક ડીવાઈડરની ઉપર ચઢી જતાં સ્લીપ ખાઈ ગયું હતું. અને બાઈક ચાલક યુવાનનું સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. સે-૨૧ પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ શરુ કરી છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં સ્થિત માલપુર રોડ પર આવેલા રત્નદિપ સોસાયટીમાં રહેતા તેજશ અનંતકુમાર ત્રિવેદી ગઈ રાત્રે દોઢેક વાગ્યે શહેરના ચ માર્ગ પરથી બાઈક લઈને જઈ રહ્યા હતા. ચ-૫ સર્કલ નજીક ડીવાઈડરની ઉપર બાઈકનું ટાયર ચઢી જતા બાઈક સ્લીપ ખાઈ ગયું હતું અને સ્થળ પર જ તેજશ ત્રિવેદીનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ચ માર્ગ પરથી નીકળતા વાહનચાલકો એકત્ર થઈ ગયા હતા અને પોલીસ બોલાવી તેજશ ત્રિવેદીનો મોબાઈલ લઈ 'લાસ્ટ ડાયલ કૉલ' પર ફોન કરતા અમદાવાદ રહેતા કિન્નરભાઈ શાહનો સંપર્ક કર્યો હતો. તેજશના મિત્ર રાત્રે સ્થળ પર આવી ગયા હતા. તેમની ફરિયાદ લઈ સે-૨૧ પોલીસે મૃતદેહ પીએમ માટે મોકલી ગુનો દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સગીરાનું અપહરણ કરીને ચંદ્રાલામાં છુપાઈને રહેતો યુવાન ઝડપાયો

### ઉત્તરપ્રદેશમાંથી સગીરાને ઉઠાવી લાવીને ચંદ્રાલા રહેતો હતો : ચિલોડા પોલીસે અપહરણકારને પકડીને સગીરાને મુકત કરી

ગાંધીનગર, તા.૧

ચિલોડા પોલીસ મથકના પી.આઈ. એલ.ડી. વાઘેલાની સિયારામ (રહે. ઉ.પ્ર.) હોવાનું જાણવા મળ્યું હતું. આ શખ્સ યુપીથી ૧૬ વર્ષની સગીરાનું અપહરણ કરીને



ટીમના જમાદાર હિરાજીને બાતમી મળી હતી કે ચંદ્રાલા ગામમાં નોબલ ફેકટરીના છાપરામાં અજાણ્યો યુવાન અને એક સગીરા રહે છે. જેને આધારે તપાસ કરતાં ૨૫ વર્ષીય રામકરન ભાગી આવ્યો હતો તે સગીરા પણ તેની સાથે હતી. પોલીસે સગીરાને અપહરણકર્તાના કબ્જામાંથી મુકત કરાવી રામકરનની ધરપકડ કરી લઈ યુપી પોલીસને સોંપી દીધો છે.

## સર્વ મંગલમ્ આશ્રમ વિશ્વગ્રામ ખાતે વિચાર શિબિર યોજાશે

પાટણ, તા. ૧

સર્વ મંગલમ આશ્રમ પાટણ ખાતે તા. ૪ અને ૫ ફેબ્રુઆરી-૨૦૧૭ના રોજ ભારતીય સંસ્કૃતિ વિષય સત્વ અને સૌરભ વિષય પર શિબિર યોજાશે. આ શિબિર તા. ૪-૨-૨૦૧૭ના શનિવારે ૩.૩૦ કલાકે શરૂ થનાર છે. અને તા. ૫-૨-૧૭ના રવિવારે ૪ કલાકે સમાપન કરવામાં આવશે.

આ શિબિરમાં વક્તા તરીકે ડૉ. રામજીસિંહ ગાંધી વિચારક પૂર્વ સાંસદ) આરિફ મોહમ્મદખાન લેખક પૂર્વ કેન્દ્રીય મંત્રી) રઘુવીર ચૌધરી સાહિત્યકાર, રતિલાલ બોરીસાગર સાહિત્યકાર દ્વારા વક્તા તરીકે ઉપસ્થિત રહેશે. આ વિચારશિબિરીમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવેલ છે.



## બાવીસી ઔદિચ્ય સહસ્ત્ર મંડળ દ્વારા સમુહ યજ્ઞોપિવતનો કાર્યક્રમ યોજાયો

બાવીસી ઔદિચ્ય સહસ્ત્ર મંડળ દ્વારા તાજેતરમાં સમુહ યજ્ઞોપવિત સંસ્કારવિધિ, ઈનામ વિતરણ અને સન્માન સમારોહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના સેકટર-૨૭ રંગમંચ ખાતે આયોજીત આ કાર્યક્રમમાં ચાર બટુકોએ યજ્ઞોપવિત ધારણ કરી હતી. ઉપરાંત મંડળના તેજસ્વી તારલાઓને ઈનામ આપીને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત પ્રજ્ઞાચક્ષુ કથાકાર શાસ્ત્રી કૃણાલભાઈ જોષી સહિત ગાંધીનગર મનપાના કોર્પોરેટર પ્રિતિ દવે, લાયન્સ કલબના પ્રમુખ નિમેષ રાવલનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઈનામ વિતરણ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષ દવે, બ્રહ્મ સમાજના પ્રમુખ પિનાકીન રાવલ, મહામંત્રી નરેશ દવે સહિત મોટીસંખ્યામાં સમાજના ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

## ગાંધીનગરનું ગૌરવ



ધ્રુવ પટેલ



ઘટના દોશી




જીજ્ઞેશ પટેલ



કિરણ ગારીયાલ



કુંજન પરમાર



મુગ્ધા દવે



નટવર મોદી



રીયા રાણા



રોશની છાબરીયા



સૌરીન મહેતા



સુરજ માખીજા



ઉમેશ રાવલ



ધવલ પટેલ

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ માટેની ઈન્ટીગ્રેટેડ પ્રોફેશનલ્સ કોમ્પીટન્સી કોર્સની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. જેનું પરિણામ ૩૩ ટકા આવ્યુ છે. આ પરિણામમાં ગાંધીનગરના ૧૩ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. સફળતા પ્રાપ્ત કરનારાઓમાં ધરના મુકેશભાઈ દોશી, નટવર મોદી, કિરણ ગારીયાલ, સૌરીન મહેતા, ધવલ પટેલ, મુગ્ધા દવે, રોશની છાબરિયા, ઉમેશ રાવલ, કુંજન પરમાર, સુરજ માખીજા અને રીયા રાણાનો સમાવેશ થાય છે.

## માણસા આનંદીમાના વડલે દ્વિતિય સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવ

માણસા શહેર તેમજ તાલુકાના પ્રજાજનોને સહર્ષ જણાવવાનું કે શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ માણસા ખાતે આનંદી માના વડલે તા. ૭-૫-૨૦૧૭ને રવિવારના રોજ સર્વજ્ઞાતિય સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવેલ છે. આ સર્વજ્ઞાતિય સમૂહ લગ્નમાં ૫૧ દિકરા દિકરીઓના લગ્ન વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાશે તે પ્રમાણે કરાવવાનો ટ્રસ્ટે નિર્ધાર કરેલ છે. લગ્નોત્સવના નામ નોંધાવવા અને વધુ વિગત માટે બાબુભાઈ જે. બ્રહ્મભટ્ટ, ૪૯, મહાવીર કોમ્પલેક્ષ, માણસા (મો. નં. ૭૮૦૨૯૮૮૧૬૦) નો સંપર્ક કરવા વિનંતી છે. કોઈપણ જ્ઞાતિજાતિના ભેદભાવ સિવાય આ દ્વિતિય સમૂહ લગ્નોત્સવમાં જોડાવા માટે અને ઉત્સાહભેર ભાગ લેવા માટે ટ્રસ્ટના માનદ મેનેજીંગ ટ્રસ્ટી અને આયોજક દિનેશભાઈ વ્યાસનું ભાવભર્યુ નિમંત્રણ છે.